GJVD020005292022

***IN THE COURT OF HON'BLE 20th ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE AT : VADODARA, DISTRICT : VADODARA.***

*PRESENT :**MR. S.M.MISHRA** ,20th ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE, VADODARA*

***CRIMINAL CASE NO.432-2022***
***EX.NO.***

| | |
|---|---|
| Complainant | State Of Gujrat |
| Represented By | Shree Rachana Soni |
| Accused | 1. Vishal Harishkumar<br>2. Vinayaka Chandrashekhar Govda<br>3. Milan Ashokbhai Vagh<br>4. Kashyap Hiteshbhai Joshi<br>5. Nikhilkumar Pradyumanbhai Rajyguru |
| Represented By | Shree H.B.Raj<br>Shree H.K.Thakkar<br>Shree V.A.Joshi |

| | |
|---|---|
| Date of Offence | 31/08/2021 to 05/11/2021 |
| Date of FIR | 08/11/2021 |
| Date of Chargesheet | 06/01/2022 |
| Date of Framing of Charges | 30/11/2023 |
| Date of commencement of evidence | 03/01/2024 |
| Date on which judgment is reserved | 02/12/2025 |
| Date of the Judgment | 06/01/2025 |
| Date of the Sentencing Order, if any | ----- |

## Accused Details:

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Vishal Harishkumar | 11-11-2021 | --- | I.P.C.ACT 406,420, 114, ITAct - 66D, 66(C) | **Acquitted** | ----- | ---- |
| 2 | Vinayaka Chandrashekhar Govda | 11-11-2021 | --- | I.P.C.ACT 406,420, 114, ITAct - 66D, 66(C) | **Acquitted** | ----- | ---- |
| 3 | Milan Ashokbhai Vagh | 26-12-2021 | --- | I.P.C.ACT 406,420, 114, ITAct - 66D, 66(C) | **Acquitted** | ----- | ---- |
| 4 | Kashyap Hiteshbhai Joshi | 26-12-2021 | --- | I.P.C.ACT 406,420, 114, ITAct - 66D, 66(C) | **Acquitted** | ----- | ---- |
| 5 | Nikhilkumar Pradyumanbahi Rajyguru | 03-01-2022 | --- | I.P.C.ACT 406,420, 114, ITAct - 66D, 66(C) | **Acquitted** | ----- | ---- |

## :::ચુકાદો:::

**(૧)** આ કામે વર્તમાન આરોપીઓ વિરુદ્ધ **ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા આઇ.ટી.એકટ ૬૬(ડી),૬૬(સી)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.31/08/2021 થી તા.05/11/2021 ના સમયગાળા દરમ્યાન VK-SECRRE તરફથી એસ.એમ.એસ. મોકલી પાર્ટટાઇમ કામ કરવા માટે +917478133894 થી સંપર્ક કરી ફ્લીપકાર્ટમોલ મલ્ટીનેશનલ કંપની ઇનવેસ્ટ કરાવવાના બહાને લીંક https://www.mall669.com/#/pages/regist/index?Co 469676 અને ટેલીગ્રામ આઇ.ડી. https://t.me/Lakshmqw ની લીંક મા રજીસ્ટ્રેશન કરાવી યુઝર આઇ.ડી. તથા પાસવર્ડ બનાવડાવી તેઓના ટાસ્ક ની સ્કિમ સમજાવી ફરીયાદીશ્રીને ઇન્વીટેશન કોડ 034284 નો આપી તેઓના એક્સેસ બેન્ક ખાતા નં. 91001001313 6313 માથી ટુકડે ટુકડે રૂા.1,48,000/- તથા પેટીએમ બેન્ક ખાતા નં. 9909090036 માથી ટુકડે ટુકડે રૂા.1,48,300/- સાથે કુલે રૂા.2,96,300/- ઇનવેસ્ટ કરાવી ઇનવેસ્ટ કરાવેલ રૂપીયા આરોપી નં.૧,૨ ના ICICI બેન્ક ખાતા નં. 035905005934 ALGONO TECHNOLOGY PRIVATE LIMITED માં રૂા.૫,૪૦૦/- જે કોલમ નં.(૨) મા જણાવેલ આરોપી નં.(૧) ખોલાવડાવેલ છે તથા આરોપી નં.(૪) નાએ આરોપી નં.(૩) નુ ICICI બેન્ક ખાતા નં. 027205007415 નુ ખોલાવડાવી તેમા કોલમ નં.(૨) મા જણાવેલ આરોપી નં.(૨)એ તેનો ઉપયોગ કરી રૂા.૨,૪૯,૬૦૦/- ટ્રાન્સફર કરાવડાવી તેમાથી સાહેદ નં.(૭) ના ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્કના ખાતામા ઓનલાઇન ટ્રાન્સફર કરી કોલમ નં.(૧) મા જણાવેલ આરોપી નં.(૫) ની પાસે સાહેદ પાસે થી સહી કરાવેલ ચેકો મારફતે કેશ વિડ્રોલઅલ કરેલ હોય તથા કોલમ નં.(૨) મા જણાવેલ આરોપી નં.(૩)(૪) નાએ સાહેદ નં.(૫) મારફતે સંપર્ક કરી સાહેદ નં.(૬) પાસે ICICI બેન્ક ખાતા નં.724605000356 લોટસ એન્ટરપ્રાઇઝનુ ખોલાવડાવી તેમા રૂા.૪૨,૧૫૦/- ટ્રાન્સફર કાવેલ છે અને આ ખાતાઓમા ટ્રાન્સફર કરાવેલ રૂપીયામાથી રૂા.૪,૭૦૦/- ફરીયાદીશ્રીને પરત આપી બાકીના બીજા ઇનવેસ્ટ કરાવેલ રૂા.2,91,600/- પરત નહી આપી ફરીયાદીશ્રી ને

ટેલીગ્રામ એકાઉન્ટ ઉપર બ્લોક કરી નાખી તેમજ મો.નં. 8698036304, 9909461283, 7875443857, +6396774 27469 ઉપર થી ફરીયાદીશ્રીને ફરીથી મેસેજ કરી ઉપર મુજબની સ્કિમમા ઇનવેસ્ટ કરવાનુ જણાવી અગાઉ ઇનવેસ્ટ કરાવેલ બાકી ના રૂપીયા કે કોઇ કમિશન નહી આપી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીશ્રી સાથે ઇલેક્ટ્રોનીક માધ્યમ થી વિશ્વાસઘાત છેતરપીડી કરી ગુનો કરેલ છે. જેથી તેઓ વિરુદ્ધમાં કાયદેસર તપાસ થવા ફરીયાદ આપેલી. જે ફરીયાદના આધારે સાયબર ક્રાઇમ પો.સ્ટે.પાર્ટ એ ગુના રજી. નં.૧૧૧૯૬૦૪૦૨૧૦૦૪૧/૨૦૨૧ થી આરોપીઓ વિરુદ્ધ **ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા આઇ.ટી.એકટ ૬૬(ડી), ૬૬(સી)** મુજબનો ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) પોલીસ અહેવાલ રજુ થતા, ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ-૧૯૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરુદ્ધ **ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા આઇ.ટી.એકટ ૬૬(ડી), ૬૬(સી)** મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઇ, કલમ-૨૦૪ અન્વયે આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા પ્રોસેસ બજીને આવતા આરોપી હાજર થતા આરોપી સામેના ગુનાનું તહોમતનામું આંક-૩૨ થી વાંચી સંભળાવી ત્યારબાદ આંક-૩૩ થી ૩૭ પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ગુન્હો કબુલ ન રાખતા કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છેP

**// મૌખિક પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી સાહેદ મિરલ ભુપેશભાઇ નાયક ની જુબાની | ૬૪ |

## // દસ્તાવેજી પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | જન સેવા કેન્દ્રમાં કરેલ ફરીયાદની નકલ | ૬૫ |
| ૨ | ફરીયાદ | ૬૬ |
| ૩ | એસ.એમ.એસ.ની નકલ | ૬૭ |
| ૪ | વોટસએપ ચેટની નકલ | ૬૮ |
| ૫ | એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ | ૬૯ |
| ૬ | એકસીસ બેંક સ્ટેટમેન્ટ | ૭૦ |
| ૭ | પે.ટી.એમ.બેંક સ્ટેટમેન્ટની નકલ | ૭૧ |

(૫) આ કામે ફરીયાદપક્ષે ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ, વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક–૭૨ થી કલોઝીંગ પુરશીશ આપી જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું કિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધતા તેઓ જણાવે છે કે," તેઓએ કહેવાતો કોઈ ગુન્હો કરેલો નથી. તેઓ પર ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે. તેઓને છોડી મુકવા અરજ કરેલ છે."

(૬) ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો પુરો થયા બાદ સરકારીશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રી નાઓ દલીલ કરેલ છે કે, રેકર્ડ ઉપરનો તમામ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષે આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ સાબીત કરવામાં આવેલ હોય, કાયદા મુજબ સજા કરવા વિનંતી છે.

(૭) આરોપીઓ તર્ફે વિ. વ. શ્રી.નાઓ દવારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે સમગ્ર કાગળો વંચાણે લેતા આરોપીઓ વિરુધ્ધ ગુનો સાબિત થયેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે,કાયદા મુજબ ફરીયાદ પક્ષની જવાબદારી છે કે તેઓએ નિ:શંકપણે કેસ સાબિત કરવાનો રહે છે જે આ કામે કરેલ નથી. વધુમાં અંતમાં એવી દલીલ કરેલ છે કે આરોપીઓ સામે થઈ શકે તેવો એક માત્ર પુરાવો ફરીયાદ પક્ષે રજૂ થયેલ નથી જે તમામ સંજોગોમાં આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૮) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા.૧.** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.31/08/2021 થી તા.05/11/2021 ના સમયગાળા દરમ્યાન VK-SECRRE તરફથી એસ.એમ.એસ. મોકલી પાર્ટટાઈમ કામ કરવા માટે +917478133894 થી સંપર્ક કરી ફ્લીપકાર્ટમોલ મલ્ટીનેશનલ કંપની ઈનવેસ્ટ કરાવવાના બહાને લીંક https://www.mall669. com/#/ pages/ regist/index?Co 469676 અને ટેલીગ્રામઆઇ.ડી. https://t.me /Lakshm qw ની લીંક મા રજીસ્ટ્રેશન કરાવી યુઝર આઇ.ડી. તથા પાસવર્ડ બનાવડાવી તેઓના ટાસ્ક ની સ્કિમ સમજાવી ફરીયાદીશ્રીને ઈન્વીટેશન કોડ 034284 નો આપી તેઓના એક્સેસ બેન્ક ખાતા નં. 91001001313 6313 માથી ટુકડે ટુકડે રૂા.1,48,000/- તથા

પેટીએમ બેન્ક ખાતા નં. 9909090036 માથી ટુકડે ટુકડે રૂા.1,48,300/- સાથે કુલ્લે રૂા.2,96,300/- ઈનવેસ્ટ કરાવી ઈનવેસ્ટ કરાવેલ રૂપીયા આરોપી નં.૧,૨ ના ICICI બેન્ક ખાતા નં. 035905005934 ALGONO TECHNOLOGY PRIVATE LIMITED માં રૂા.૫,૪૦૦/- જે કોલમ નં.(૨) મા જણાવેલ આરોપી નં.(૧) ખોલાવડાવેલ છે તથા આરોપી નં.(૪) નાએ આરોપી નં.(૩) નુ ICICI બેન્ક ખાતા નં. 027205007415 નુ ખોલાવડાવી તેમા કોલમ નં.(૨) મા જણાવેલ આરોપી નં.(૨)એ તેનો ઉપયોગ કરી રૂા.૨,૪૯,૬૦૦/- ટ્રાન્સફર કરાવડાવી તેમાથી સાહેદ નં.(૭) ના ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્કના ખાતામા ઓનલાઈન ટ્રાન્સફર કરી કોલમ નં.(૧) મા જણાવેલ આરોપી નં.(૫) ની પાસે સાહેદ પાસે થી સહી કરાવેલ ચેકો મારફતે કેશ વિડ્રોલઅલ કરેલ હોય તથા કોલમ નં.(૨) મા જણાવેલ આરોપી નં.(૩)(૪) નાએ સાહેદ નં.(૫) મારફતે સંપર્ક કરી સાહેદ નં.(૬) પાસે ICICI બેન્ક ખાતા નં.724605000356 લોટસ એન્ટરપ્રાઈઝનુ ખોલાવડાવી તેમા રૂા.૪૨,૧૫૦/- ટ્રાન્સફર કાવેલ છે અને આ ખાતાઓમા ટ્રાન્સફર કરાવેલ રૂપીયામાથી રૂા.૪,૭૦૦/- ફરીયાદીશ્રીને પરત આપી બાકીના બીજા ઈનવેસ્ટ કરાવેલ રૂા.2,91,600/- પરત નહી આપી ફરીયાદીશ્રી ને ટેલીગ્રામ એકાઉન્ટ ઉપર બ્લોક કરી નાખી

તેમજ મો.નં. 8698036304, 9909461283, 7875443857, +6396774 27469 ઉપર થી ફરીયાદીશ્રીને ફરીથી મેસેજ કરી ઉપર મુજબની સ્કિમમા ઈનવેસ્ટ કરવાનુ જણાવી અગાઉ ઈનવેસ્ટ કરાવેલ બાકી ના રૂપીયા કે કોઈ કમિશન નહી આપી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ફરીયાદીશ્રી સાથે ઈલેક્ટ્રોનીક માધ્યમ થી વિશ્વાસઘાત છેતરપીંડી કરી **ઇ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા આઇ.ટી.એકટ ૬૬(ડી), ૬૬(સી)** મુજબનો ગુન્હો મુજબનો ગુન્હો કરેલ છે?

**મુદ્દા.૨.** શું હુકમ?

(૯) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા.૧.** નકારમાં,

**મુદ્દા.૨.** આખરી હુકમ મુજબ.

**-:- કા ર ણો -:-**

**મુદ્દા.નં.૧ અને ૨ :-**

**(૧૦)** ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

સદરહું કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવઓનુ મુલ્યાંકન કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે, ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાના મુલ્યાકંન શબ્દને પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુની સર્મપિત કોઈ નિયમ નથી,પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે કેસ ની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર

પુરાવાના કાયદાની કલમ :–૩ ના પ્રબંધોમાં કરવામાં આવેલ સાબીત અને ના સાબિત વ્યાખ્યા પર આધારીત છે.ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહે છે.ફરીયાદપક્ષે પોતાની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહીમાં જે રીતે સભંવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી સંભવીતતા ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો ક્યારેય આરોપી પર ખસતો નથી. ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની હોતી નથી. પરંતુ આરોપી પર તહોમત વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરવાનુ હોય છે.ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી અપવાદનો લાભ મેળવવા માંગતો હોય તો તેણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ :– ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે.આરોપીએ અપવાદ માહેની હકીકત શંકાથી પર રીતે સાબીત કરવાની હોતી નથી.સાબીત થયેલી હકીકત કોને કહેવાય ? તે જોવામાં આવે તો, અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો, તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આમ, ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો જોઈએ.

આમ, આ કામે આરોપી સામે જ્યારે **ભારતીય દંડ સંહિતાની કલમ– ઇ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ તથા આઇ.ટી.એકટ ૬૬(ડી), ૬૬(સી)** મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્ત્વો રેકર્ડ ઉપરથી શંકાથી પર સાબીત કરવાના રહે છે .

<u>કલમ–૪૦૬ ના તત્ત્વો</u>

૧. આરોપીને કોઈ મિલકત સોંપવામાં આવી હતી,

૨. આરોપીનો તે મિલકત પર તે મુજબ અધિકાર હતો,

૩. આરોપીએ તે મિલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુઝીને લેવા દીધી,

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ,

૫. આરોપીએ આવું કૃત્ય અમલ કરવાની પદ્ધતિ દર્શાવતા કાનૂની આદેશ વિરુદ્ધ કર્યુ અથવા કોઈ ટ્રસ્ટની મિલકત હોય ત્યારે તે મિલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભિત કાનૂની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્યુ કર્યુ.

**<u>કલમ–૪૨૦ ના તત્ત્વો.</u>**

૧. આરોપીએ ફરીયાદી સાથે ઠગાઈ કરી,

૨. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યુ,

૩. આરોપીએ અપ્રમાણિકપણે છેતરાયેલી વ્યક્તિને લલચાવીને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ કિંમતી જામીનગીરી અથવા સહી કે સિક્કો કરેલી ચીજ જેને કિંમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી, અથવા

૪. આરોપીએ તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યક્તિને અપ્રમાણિકપણે લલચાવી.

**(૧૧)** વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના નીચેના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. જેમાં સદરહું કલમોની વિગતવારની ઉંડાણપુર્વકની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

2010 (1) GLH 184
Md. Ibrahim & Ors.
Versus
State of Bihar & Anr.

**8.** This Court has time and again drawn attention to the growing tendency of the **complainants attempting to give the cloak of a criminal offence to matters which are essentially and**

**purely civil in nature, obviously either to apply pressure on the accused, or out of enmity towards the accused, or to subject the accused to harassment. Criminal courts should ensure that proceedings before it are not use for settling scores or to pressurise parties to settle civil disputes.** But at the sometime it should be noted that several disputes of a civil nature may also contain the ingredients of criminal offences and if so, will have to be tried as criminal offences, even if they also amount to civil disputes.

**Para 13.** Let us now examine whether the **ingredients of an offence of cheating are made out**. The essential ingredients of the offence of **"cheating"** are as follows:(i)**deception** of a person either by **making a false** or **misleading** representation or by dishonest concealment or by any other act or omission; (ii) fraudulent or dishonest inducement of that person to either deliver any property or to consent to the retention thereof by any person or to intentionally induce that person so deceived to do or omit to do anything which he would not do or omit if he were not so deceived; and (iii) such act or omission causing or is likely to cause damage or harm to that person in body, mind, reputation or property**. To constitute an offence under section 420, there should not only be cheating, but as a consequence of such cheating, the accused**

**should have dishonestly induced the person deceived (i) to deliver any property to any person, or (ii) to make, alter or destroy wholly or in part a valuable security (or anything signed or sealed and which is capable of being converted into a valuable security).**

IN THE SUPREME COURT OF INDIA
CRIMINAL APPEAL NO. 9 OF 2019
SATISHCHANDRA RATANLAL SHAH
VERSUS
STATE OF GUJARAT AND ANOTHER
Decided on 03.01.2019

**Para 12.** Having observed the background principles applicable herein, we need to consider the individual charges against the appellant**.** **Turning to Section 405 read with 406 of IPC, we observe that the dispute arises out of a loan transaction between the parties. It falls from the record that the respondent no.2 knew the appellant and the attendant circumstances before lending the loan**. Further it is an admitted fact that in order to recover the aforesaid amount, the respondent no. 2 had instituted a summary civil suit which is still pending adjudication. **The law clearly recognizes a difference between simple payment/investment of money and entrustment of money or property. A mere breach of a promise, agreement or contract**

> **<u>does not, *ipso facto, constitute the* offence of the criminal breach of trust contained in Section 405 IPC without there being a clear case of entrustment.</u>**
>
> **<u>Para 13</u>.** In this context, **<u>we may note that there is nothing either in the complaint or in any material before us, pointing to the fact that any property was entrusted to the appellant at all which he dishonestly converted for his own use so as to satisfy the ingredients of Section 405 punishable under Section 406 of IPC. Hence the learned Magistrate committed a serious error in issuing process against the appellants for the said offence. Unfortunately, the High Court also failed to correct this manifest error.</u>**

**(૧૨)** આમ, ઉપરોક્ત ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો લક્ષમાં રાખી, આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષે **આંક–૬૪** થી **ફરીયાદીસાહેદ મિરલ ભુપેશભાઈ નાયક** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓને તા.૩૧/૦૮/૨૦૨૧ નારોજ એક મેસેજ આવેલો. જેમા જણાવેલું કે તમે પાર્ટ ટાઇમ નોકરી કરીને પૈસા કમાઈ શકો છો. જે મેસેજમા એક લીંક આપેલી હતી. તેઓએ તે લીંક પર કલીક કરતા તેનો મેસેજ વોટસ અપ મા ખુલેલો જયાં તેઓએ તેઓનો પરીચય આપેલો. જેમા તેઓએ ટાસ્ક અને સ્કીમ સમજાવેલી. તેમાં જણાવેલુ કે બાકીની સ્કીમ તમને ટેલીગ્રામ પરથી સમજાવવામા આવશે. ત્યા પણ તેજ પ્રકારે ઈન્ટ્રોડકશન આપવામાં આવેલુ અને ટાસ્ક સમજાવવામાં આવેલો. તેઓએ રુપીયા ૨૦૦/– ના રીચાર્જથી

ટાસ્ક શરુ કરેલા અને આગળ જતા રુપીયા ૧,૪૮,૦૦૦/– તેઓના એક એકસીસ બેન્કના એકાઉન્ટમાંથી તથા રૂા. ૧,૪૮,૩૦૦/– પે–ટીએમ એકાઉન્ટમાથી કપાયેલા. જે પૈકી રુ. ૪૭૦૦/– તેઓને પરત આપવામાં આવેલા અને બાકીની રકમ તેઓને પરત આપવામાં આવેલ નહી. જે બાબતે તેઓએ ફોલોઅપ લીધેલુ તેમછતા તેઓને તેઓની રકમ પરત મળેલ નહી. જેથી ગુગલ પર સર્ચ કરતા તેઓને જાણવા મળેલુ કે આ ચાઈનીસ ફ્રોડ છે જેથી તેઓએ જનસુરક્ષા કેન્દ્ર પર ઓનલાઈન ફરીયાદ આપેલી અને તે સાયબર ક્રાઈમમા રજીસ્ટર્ડ થયેલી. તેઓને જનસુરક્ષા કેન્દ્રમાં આપેલ ફરીયાદની નકલ બતાવવામાં આવે છે જે ઓનલાઈન કરવામા આવેલ ફરીયાદ છે જેને રજુ દાખલ આંક–૬૫ આપવામાં આવેલ છે.

તેઓને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમા આપેલ ફરીયાદ ની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૬૬ આપવામાં આવેલ છે.

આ ફરીયાદ સાથે તેઓએ તેઓની સાથે થયેલ ફ્રોડ ના મેસેજ તથા પેમેન્ટ ના સ્કીન સોટની નકલ રજુ કરેલ જે પૈકી તા.૩૧/૦૮ નારોજ આવેલ એસ.એમ.એસની નકલ તપાસના કામે આપેલ જેને રજુ દાખલ આંક–૬૭ આપવામાં આવેલ છે.

સદર એસ.એમ.એસની લીંક ઓપન કરતા વોટસ અપમા મેસેજ ખુલેલ અને તેઓની જે વાતચીત થયેલ જેના કુલ ત્રણ પાનાના સ્કીન સોટ તપાસના કામે આપેલ. જેને રજુ દાખલ આંક–૬૮ આપવામાં આવેલ છે.

તેઓએ તેઓના એકાઉન્ટમાંથી અલગ અલગ તારીખે અલગ અલગ રકમ ચુકવેલી જે કુલ પાંચ પાના અને દશ વ્યવહારો ની નકલ તપાસના કામે આપેલ. જેને રજુ દાખલ આંક–૬૯ આપવામાં આવેલ છે.

તેઓએ તેઓના એકસીસ બેન્કનું તા.૩૧/૦૮/૨૧ થી તા.૦૩/૦૯/૨૧ સુધીનુ સ્ટેટમેન્ટ તપાસના કામે આપેલ.જેને રજુ દાખલ આંક–૭૦ આપવામાં આવેલ છે.

તેઓએ તપાસના કામે તેઓના પેટીએમ બેન્ક એકાઉન્ટની સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ. જેને રજુ દાખલ આંક–૭૧ આપવામાં આવેલ

છે.આ રકમ તેઓએ કોને ચુકવેલી અને કોના એકાઉન્ટમા ગયેલી તે હાલ તેઓને યાદ નથી તે સીવાય તેઓને બીજુ કાંઈ કહેવુ નથી. તે સીવાય બીજુ તેઓ કાંઈ જાણતા નથી.

સદર સાહેદની ઉલટ તપાસ કરતા તેઓ એ વાત કબુલ રાખે છે કે, મેસેજ કોને અને કયા નંબર પરથી મોકલેલો તથા કઈ તારીખે મોકલ લો તે તેઓને ખબર નથી.તેઓને વીગતો અને સ્કીમ કોને સમજાવેલી તે તેઓને ખબર નથી. ટેલીગ્રામ પર કોણે ઈન્ટ્રોકશન આપેલુ અને કયારે આપેલું તે તેઓને ખબર નથી. આ રકમ કોણે મેળવેલી, કયા ખાતામાં મેળવેલી તથા કઈ તારીખે કેટલી રકમ મેળવેલી તે તેઓને ખબર નથી. નાણાકીય ગેરસમજના કારણે હાલની ફરીયાદ કરેલી. નાણાકીય ગેર સમજ દુર થઈ ગયેલ છે તથા તેઓને તમામ રકમ બેન્ક મારફતે પરત મળી ગયેલા છે. તેઓએ ઝેરોક્ષ નકલો હાલના કામે રજુ કરેલી છે તે સાથે ભારતીય પુરાવા અધીનીયમ ની કલમ ૬૫ બી મુજબનુ કોઈ પ્રમાણ પત્ર રજુ કરેલ નથી કે પોલીસે તેઓની પાસે તેઓનો મોબાઈલ કબજે કરેલ નથી. તેઓએ પોલીસને કોઈ વીગત જણાવેલ નથી. એક ખાતામાંથી બીજા ખાતામાં નાણા ટ્રાન્સફર થવા પાછળ ઘણા કારણો હોઈ શકે છે તથા તેઓના ખાતામાથી કોના ખાતામાં રકમ ટ્રાન્સફર થયેલી તેની કોઈ વીગત તેઓને ખબર નથી.

**(૧૩)** આમ, આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામેના ફરીયાદી સાહેદ નામદાર કોર્ટમાં હાજર રહેતા તેઓએ આપેલી ફરીયાદની **"હકીકત"** મુજબ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનાહીત કાવતરુ રચી રૂા.2,91,600/- રૂપીયા ઓનલઈન ટ્રાન્સફર કરાવી લઇ, રૂપિયા પરત નહી કરી, આ કામના આરોપીઓએ એક બિજાની મદદગારીથી ઇલેક્ટ્રોનીક માધ્યમથી વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો કરતા તેઓએ ફરીયાદ આપેલી, પરંતુ તેઓની ઉલટતપાસ કરતા તેઓ ફરીયાદની મોટાભાગની હકીકતને સમર્થનકારી પુરાવો આપે છે. પરંતુ તેઓના જણાવ્યા અનુસાર કોઈએ તેઓને તેઓની રકમ કે તેમાથી થયેલ પ્રોફીટ પરત આપેલ નહી જેથી તેઓને એવુ

લાગેલ કે તેઓની સાથે છેતરપીંડી થયેલ છે. જે બાબતે તેઓએ સાયબર ક્રાઈમ પો.સ્ટે મા ફરીયાદ આપેલી.એટલે કે તેમની સાથે છેતરપીંડી કઇ વ્યકિતએ કરેલ તે હકીકત સદર ફરીયાદની જુબાનીથી રેકર્ડ પર આવતી નથી.

વધુમાં ઉલટ તપાસ કરતા તેઓએ વાત કબુલ રાખે છે કે, મેસેજ કોને અને કયા નંબર પરથી મોકલેલો તથા કઈ તારીખે મોકલેલો તે તેઓને ખબર નથી.તેઓને વીગતો અને સ્કીમ કોને સમજાવેલી તે તેઓને ખબર નથી. ટેલીગ્રામ પર કોણે ઈન્ટ્રોકશન આપેલુ અને કયારે આપેલું તે તેઓને ખબર નથી. આ રકમ કોણે મેળવેલી, કયા ખાતામાં મેળવેલી તથા કઈ તારીખે કેટલી રકમ મેળવેલી તે તેઓને ખબર નથી.વધુમાં તેઓ જણાવે છે કે, નાણાકીય ગેરસમજના કારણે હાલની ફરીયાદ કરેલી.આમ, સદર ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતા ખરેખર તેમની સાથે કોઇ નાણાકીય ફ્રોડ થયેલ છે કે માત્ર નાણાકીય ગેરસમજના કારણે તેઓએ હાલની ફરીયાદ કરેલી છે તે હકીકત શંકાશીલ બને છે.

વધુમાં આ કામે ફરીયાદી તરફે આંક–૭૨ થી કલોઝીંગ પુરશીશ રજુ રાખી તેઓ આ કામે વધુ સાહેદ તપાસવા માંગતા ન હોવાનું કે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે. જેથી આ કામે ફરીયાદપક્ષે સદરહું ફરીયાદના કામે પંચસાહેદોને કે અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી કે કોઇ તપાસ કરનાર અધિકારીની જુબાની પણ રેકર્ડ પર આવેલી નથી.વધુમાં જયારે ફરીયાદી પોતે જ વધુ પુરાવા આપવા માંગતા ન હોય કે ફરીયાદની હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય ફરીયાદપક્ષે અન્ય સાહેદો તપાસવાથી પણ કેસના આખરી પરિણામમાં કોઈ અસર થાય તેમ ન હોય વધુ સાહેદોને ન તપાસી વિ.એ.પી.પી.શ્રી મારફત કોર્ટનો મુલ્યવાન સમય બચાવેલ હોવાનું મારું માનવું છે.

આમ, આ તમામ કારણસર ફરીયાદ "**હકીકત**" કાયદા મુજબ સાબિત થયેલ નથી. તે તમામ સંજોગોમાં, આ કામે રજુ સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં, ઉપરોક્ત કાયદાકીય કલમો મુજબના આવશ્યક તત્ત્વો સંતોષાતા ન હોય, કારણકે આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનાહીત કાવતરુ રચી

રૂા.2,91,600/- રૂપીયા ઓનલઈન ટ્રાન્સફર કરાવી લઇ, રૂપિયા પરત નહી કરી, આ કામના આરોપીઓએ એક બિજાની મદદગારીથી ઇલેક્ટ્રોનીક માધ્યમથી વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો કરેલ હોવાના આક્ષેપો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન હોય. આથી, મુદ્દા નંબર-૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર-૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આ ખ રી હુ ક મ :-**

૧: આ કામના **આરોપી ૧. વિશાલ હરીશકુમાર** રહે. રામાસન્દ્રા ગામ, સરકારી સ્કુલ પાસે, સુલેકેરી કેગેરી ઓબડી, બેન્ગલોર, સાઉથ (કર્ણાટક) **તથા નં.(૨) વિનાયકા ચંન્દ્રશેખર ગોવડા** રહે.૯૧, ૯૨, ફસ્ટ મેઈન સેવેન્થ ક્રોસ, શ્રીચક્રાનગર આધેલી, બેન્ગલોર, સાઉથ (કર્ણાટક) **તથા નં.(૩) મિલન અશોકભાઈ વાઘ** રહે. ગામ ભાદ્રોદ, બસ સ્ટેશન પાસે, સીડ્યુઅલ કાસ્ટ વિસ્તાર, તા.મહુવા જી. ભાવનગર **તથા નં.(૪) કશ્યપ હિતેષભાઇ જોષી** રહે. ગામ ભાદ્રાદ, મુખી ચોક, તા.મહુવા જી.ભાવનગર **તથા નં.(૫) નિખીલકુમાર પ્રધ્યુમનભાઈ રાજ્યગુરુ** રહે. ગામ તલગાજરડા, રામજી મંદિર પાસે, તા.મહુવા જી.ભાવનગરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪, તથા આઇ.ટી.એકટ ૬૬(ડી),૬૬(સી)** મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨:** સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અન્વયે જો કોઇ વચગાળાનો હુકમ કરેલ હોય તો તેને અપીલ સમય બાદ કાયમી ગણવો અગર મુદામાલ બાબત કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ મુળ માલીકની ખરાઈ કરી પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**3:** આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે, જે તે અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ

કે, રીવીઝનના કામે છ માસ સુધીના જામીન તથા જાત મુચરકા સદર કોર્ટના હુકમ મુજબ રજુ રાખવો.

**આ હુકમ આજરોજ તા.૦૬, માહે જાન્યુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૦૬/૦૧/૨૦૨૬ ***(સંજયકુમાર મહેન્દ્રકુમાર મિશ્રા)***

વડોદરા ૨૦ માં એડી.ચીફ જયુ. મેજી.

વડોદરા

જજ કોડ નં.જીજે ૦૧૨૪૮